# ઇન્ટર્નશીપ ટ્રાન્સફર પોલીસી

એમ.સી.આઇ / એન.એમ.સી. ની ગાઇડ લાઇન મુજબ ફાઇનલ એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ કરનાર એમ.બી.બી.એસ. ના વિદ્યાર્થીએ ફરજીયાત પોતાની સંસ્થામાં જ એક વર્ષ માટે ઇન્ટર્નશીપ કરવાની રહે છે. ઇન્ટર્નશીપ કર્યા બાદ જ વિદ્યાર્થીએ ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યુ કહેવાય અને ત્યાર બાદ જ ગુજરાત મેડીકલ મેડીકલ કાઉન્સીલનુ રજીસ્ટ્રેશન કરાવી શકે.

ઇન્ટર્નશીપ કરતા ઇન્ટર્ન ડોક્ટરો દ્વારા ઇન્ટર્નશીપ દરમ્યાન અન્ય કોલેજો ખાતે ઇન્ટર્નશીપ ટ્રાન્સફર મેળવવા માટે રજુઆતો કરવામાં આવે છે જે ધ્યાને લઇ નીચે મુજબની પોલીસી નક્કી કરવામાં આવે છે.

૧) લોકલાઇટ ઇન્ટર્નને ટ્રાન્સફર મળવાપાત્ર નથી.

૨) લોકલાઇટ સિવાયના અન્ય શહેર/જીલ્લાના ઇન્ટર્ન ડૉક્ટરોને બેચના કુલ ઇન્ટર્નના ૧૦ % ઇન્ટર્નોને જ ટ્રાન્સફર મળવાપાત્ર રહેશે.

૩) ઇન્ટર્નના મૂળ વતનની ખરાઇ તેમના દ્વારા ઇન્ટર્નશીપ શરૂ થવા સમયે ભરેલ ઇન્ટર્નશીપ ફોર્મમાં આધાર કાર્ડના આધારે દર્શાવેલ સરનામું જ ધ્યાને લેવામાં આવશે.

૪) ઇન્ટર્નશીપ ટ્રાન્સફર મેરીટ લીસ્ટના આધારે આપવામાં આવશે.

૫) મેરીટ લીસ્ટ થર્ડ એમ.બી.બી.એસ. પાર્ટ-૧ અને ૨ યુનિવર્સીટી પરીક્ષાના માર્કસને આધારે નક્કી કરવામાં આવશે.

૬) મેરીટ લીસ્ટમાં જો કોઇ ઇન્ટર્નનું મેરીટ સમાન થાય તો એટેમ્પ્ટ ધ્યાને લેવાની રહેશે.

૭) ઇન્ટર્નશીપ શરૂ થયાનાં એક માસ સુધીમાં ગુજરાત મેડીકલ કાઉન્સીલ, અમદાવાદનું પ્રોવિઝીનલ રજીસ્ટ્રેશન કરાવી અત્રેની વિદ્યાર્થી શાખામાં ફરજિયાત જમા કરાવવાનું રહેશે.

૮) એક માસ બાદ પ્રોવિઝીનલ રજીસ્ટ્રેશન જ્યા સુધી જમા કરાવવામાં ન આવે ત્યા સુધી કોઇ પણ સંજોગોમાં ઇન્ટર્નશીપ ટ્રાન્સફર તેમજ સ્ટાઇપેન્ડ મળવાપાત્ર થશે નહી.

૯) અધિક નિયામકશ્રી, ગાંધીનગરના તા.૨૦/૦૬/૨૦૧૨ અને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરતના તા.૦૮-૦૬-૨૦૧૦ ના પત્રના આધારે વધુમાં વધુ છ માસ માટે ટર્મ દમમ્યાન એક જ વાર ઇન્ટર્નશીપ ટ્રાન્સફર મેળવી શકાશે.

૧૦) ઇન્ટર્નશીપ ટ્રાન્સફર માટે એલીજીબલ ઇન્ટર્ન ડોક્ટરો જે કોલેજ ખાતે ઇન્ટર્નશીપ ટ્રાન્સફર મેળવવા માગતા હોય તે કોલેજ ખાતેથી ફરજિયાત એન.ઓ.સી. મેળવવાનું રહેશે.

૧૧) સંસ્થા દ્વારા નક્કી કરેલ ઇન્ટર્નશીપ શિડ્યુલમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કે રીશિડ્યુલ કરવામાં આવશે નહીં.

૧૨) સંસ્થાને જ્યારે પણ જરૂર જણાય ત્યારે ઇન્ટર્નશીપ ટ્રાન્સફર રદ કરી પરત બોલાવી શકાશે.

૧૩) ઇન્ટર્નશીપ ટ્રાન્સફર મેળવવા માંગતા ઇન્ટર્ન જો હોસ્ટેલમાં રહેતા હશે તો તેમણે ઇન્ટર્નશીપ ટ્રાન્સફર મેળવતી વખતે હોસ્ટેલ રૂમ ખાલી કર્યા અંગેનું એન.ઓ.સી. હોસ્ટેલ સુપ્રિન્ટેન્ડન્ટ પાસેથી મેળવી ફરજિયાત અત્રેની વિદ્યાર્થી શાખામાં રજુ કરવાનું રહેશે.

૧૪) ઇન્ટર્નશીપ ટ્રાન્સફર મેળવવા માંગતા ઇન્ટર્ન ડોક્ટરોએ ઇન્ટર્નશીપ ટ્રાન્સફર ઓર્ડર મેળવતાં પહેલાં સંલગ્ન યુનિવર્સિટીનું એન.ઓ.સી. યુનિવર્સિટી ખાતેથી મેળવી ફરજિયાત અત્રેની વિદ્યાર્થી શાખામાં રજુ કરવાનું રહેશે. ત્યારબાદ જ ઇન્ટર્નશીપ ટ્રાન્સફર ઓર્ડર ઇસ્યુ કરવામાં આવશે.

૧૫) ઇન્ટર્નશીપ ટ્રાન્સફર મેળવવા માટે કોઇપણ પ્રકાર રાજકીય વગ કે ઓળખાણ ઉપયોગ કરી શકાશે નહીં.

Dean,
Government Medical College,
Surat.